પરિશિષ્ટ-૨

(જુઓ નિયમ ૧૩(૫)

નમુનો :- ૨

ઇ-મેઇલ:dpeopatan1981@gmail.com

# માન્યતા પ્રમાણપત્ર

ક્રમાંક:જિશિસ/અ-૩/વશી/ 7029 / ૨૦૨૦

શિક્ષણ શાખા જિ.પં.પાટણ

તા.૨૧/૧૦/૨૦૨૦

પ્રતિ

વ્યવસ્થાપકશ્રી

શાળા નું નામ :- પી.એમ.ઈંગ્લીશ મીડીયમ પ્રાથમિક શાળા

પી.એમ.ઈંગ્લીશ મીડીયમ સ્કુલ મુ.ધીણોજ તા.ચાણસ્મા

ગામ :-ધીણોજ તાલુકો :-ચાણસ્મા જિલ્લો :- પાટણ

બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯ હેઠળ કરેલા ગુજરાત બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર નિયમો, ૨૦૧૨ની જોગવાઇઓને આધીન રહીને, આથી, નીચેની શરતોએ કાયમી મુદ્દત માટે ધોરણ ૧ થી ૮ એક ડીવીઝનમાટેની અંગ્રેજી માધ્યમની પી.એમ.ઈંગ્લીશ મીડીયમ સ્કુલ મુ.ધીણોજ તા.ચાણસ્મા શાળાના વ્યવસ્થાપકશ્રીને માન્યતા પ્રમાણપત્ર (જેને આમાં હવે પછી,"પ્રમાણપત્ર" તરીકે કહયું છે તે), આપવામાં આવે છે.

શરતોઃ

1) આપેલ માન્યતા અને તેનો ગર્ભિત અર્થ કોઈપણ રીતે ધોરણ ૮ થી ઉપરના ધોરણની માન્યતા આપવા/જોડાણ કરાવાવા કોઈ બંધન તરીકે થશે નહિ.

2. બાળકોના મફત અને અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ અને બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર નિયમો-૨૦૧૨ તથા ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ-૧૯૪૭ અને મુંબઇ પ્રાથમિક શિક્ષણ નિયમ ૧૯૪૯ ની તમામ જોગવાઈઓનું પાલન કરવાનું અને તેને નિભાવવાની જવાબદારી શાળા મંડળની રહેશે.

3. અધિનિયમ અને તે હેઠળ રચાયેલ નિયમો ઉપરાંત રાજય સરકાર દ્વારા વખતો વખત જાહેર કરવામાં આવતા નિયમો, ઉપનિયમો, ઠરાવો, પરિપત્રો, સૂચનાઓ,આદેશો,બહાર પાડેલ માર્ગદર્શિકાઓ વગેરેનું પાલન કરવાની જવાબદારી શાળા મંડળની રહેશે.

4. શાળાએ,નજીકના વિસ્તારમાંના નબળા વર્ગના બાળકો અને વંચિત જૂથના બાળકોને પૂર્વ પ્રાથમિક વર્ગો સહિત ધોરણ-૧ માં તે ધોરણના સંખ્યાબળના 25 % સુધી પ્રવેશ આપવો જોઈશે તથા મફત અને ફરજીયાત પ્રારંભિક શિક્ષણ, તેની સમાપ્તિ સુધી પુરૂં પાડવું જોઈશે.

5. કેપીટેશન(માથાદીઠ) ફી લેવા પર પ્રતિબંધિત છે અને તેથી, ટ્રસ્ટ મંડળે અથવા શાળાએ કોઈપણ કેપીટેશન ફી અથવા અન્ય રીતે બીજા દાન અથવા એવી ફીના બદલામાં ચીજવસ્તુઓ લેવી જોઈશે નહીં.

6. શાળાએ,પ્રવેશ આપવાના હેતુઓ માટે બાળકની અથવા તેના અથવા તેણીના માતા-પિતા અથવા વાલીઓનો કોઈપણ રીતે સ્ક્રીનીંગ ટેસ્ટ (તપાસ કસોટી) અથવા કાર્યરીતિ અપનાવવી જોઈશે નહીં.

7. શાળાએ,ઉંમરના પુરાવાના અભાવે અથવા ધર્મ, જ્ઞાતિ, પંથ અથવા જાતિ, જન્મ સ્થળ અથવા તે પૈકીના કોઈપણ આધાર પર કોઈ બાળકને પ્રવેશ આપવાનો ઈન્કાર કરવો જોઈશે નહીં.

8. શાળાએ સુનિશ્ચિત કરવું જોઈશે કેઃ-

1) પ્રવેશ આપેલ કોઈપણ બાળકને શાળામાં પ્રારંભિક શિક્ષણ પુરૂં થતા સુધી કોઈપણ ધોરણમાં રોકી રાખવામાં ન આવે અથવા શાળામાંથી કાઢી મુકવામાં ન આવે અથવા વર્ગ બઢતીના પ્રવર્તમાન નિયમોને આધિન કાર્યવાહી કરવામાં આવે.

2) કોઈપણ બાળક શારીરિક શિક્ષા અથવા માનસિક ત્રાસને પાત્ર થાય નહીં.

3) કોઈપણ બાળકને પ્રારંભિક શિક્ષણ પુરૂં થતાં સુધી બોર્ડની કોઈ પરીક્ષા પાસ કરવાનું ફરમાવવામાં ન આવે.

4) પ્રારંભિક શિક્ષણ પુરૂં કરનાર દરેક બાળકને નિયમ-૩૦ હેઠળ નિયત કર્યા પ્રમાણેનું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવે.

5) અધિનિયમની જોગવાઈ પ્રમાણે અશકતતા ધરાવતા અથવા વિશિષ્ટ જરૂરીયાતવાળા વિદ્યાર્થીઓને પ્રવેશ અપાયેલો છે./સમાવિષ્ટ કરેલા છે.

6) (ક) નેશનલ કાઉન્સિલ ઓફ ટીચર્સ એજયુકેશનને અને રાજ્ય સરકારે અથવા અધિનિયમની કલમ ૨૩ ની પેટા-કલમ(૧) હેઠળ અધિકૃત કરાયેલ હોય એવા સત્તાધિકારીએ નિયત કર્યા પ્રમાણેની લઘુત્તમ લાયકાતો ધરાવતા અને પરિપૂર્ણ કરતા હોય તેવા શિક્ષકોની ભરતી કરવાની રહેશે.

(ખ) શિક્ષણ વિભાગના તારીખ ૨૭ મી એપ્રિલ,૨૦૧૧ ના સરકારી ઠરાવ ક્રમાંક:પીઆરઈ-૧૧૧૦-૨૨૩-કે.થી ઠરાવેલ લાયકાતોનું પાલન થયેલ છે એ પણ જોવું .

(ગ) અધિનિયમના આરંભ વખતે લઘુત્તમ લાયકાતો ધરાવતા ન હોય તેવા વિધમાન શિક્ષકોએ અધિનિયમના આરંભથી ૫ વર્ષની મુદ્દતની અંદર એવી લઘુત્તમ લાયકાતો પ્રાપ્ત કરે.

(ઘ) શિક્ષણ વિભાગના તારીખ ૨૭મી એપ્રિલ,૨૦૧૧ ના સરકારી ઠરાવ ક્રમાંક:પીઆરઈ-૧૧૧૦-૨૨૩-કે ની પ્રસિદ્ધિ પછી જે કોઈ નવા શિક્ષકની ભરતી કરવામાં આવી હોય તેવા શિક્ષકે સંબંધિત(ગ્રુપ) જૂથ માટે ઠરાવેલી ટીચર્સ એલીજીબીલીટી ટેસ્ટ(ટેટ) પાસ કરવી જરૂરી રહેશે.

7) અધિનિયમની અનુસૂચિમાં ઠરાવેલ વિધાર્થી-શિક્ષક પ્રમાણ(સ્ટુડન્ટ-ટીચર રેશીયો)અથવા યથાપ્રસંગ શાળામાં ૩૦૦ ચો. ફૂટ કરતાં ઓછા કદના વર્ગખંડો હોય તો,નિયમ-૧૩ ના પેટા-નિયમ(૧)ના ખંડ (ઘ)થી ઠરાવેલ પ્રમાણ(રેશીયો),એ બેમાંથી જે ઓછું હોય,તે પ્રમાણનું શાળાએ પાલન કરવું જોઇશે.શિક્ષકોની ભરતી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી જરૂરીયાત અનુસાર કરવી જોઇશે.

8) શિક્ષકોની ચુકવવાપાત્ર પગાર અને ભથ્થાં અને તેમની સેવાની બોલીઓ અને શરતોનું નિયમન કરતા,રાજ્ય સરકારે કરેલા નિયમો લાગુ પાડવામાં આવે,

9) અધિનિયમની કલમ-૨૪ની પેટા કલમ (૧) હેઠળ નિર્દિષ્ટ કર્યા પ્રમાણે શિક્ષક પોતાની ફરજો બજાવે.

10) શિક્ષકો અથવા શિક્ષિકાઓ પોતે ખાનગી ટયુશન આપી શકશે નહીં. તે જોવાની જવાબદારી સંચાલક મંડળની રહેશે.

11) કેન્દ્ર સરકારે અથવા રાજ્ય સરકારે અથવા નિયામકે બહાર પાડેલ માર્ગદર્શિકાઓ અને આદેશનું પાલન કરી પારદર્શક અને નિષ્પક્ષ પ્રવેશ પ્રક્રિયાને અનુસરવામાં આવે.

12) વિધાર્થીઓ પાસેથી વસુલવાની ફીના સંદર્ભમાં રાજ્ય સરકારે અથવા પ્રાથમિક શિક્ષણ નિયામકે વખતોવખત બહાર પાડેલ કોઈ વિનિયમ,આદેશ,સૂચના અથવા માર્ગદર્શિકાઓનું ચુસ્તપણે પાલન કરવું જોઇશે.

9. સમુચિત સત્તામંડળે ઘડેલા પાઠયક્રમના આધારે તૈયાર કરેલ અભ્યાસક્રમ પ્રમાણે શાળા શિક્ષણ આપે.

10. શાળાએ,અધિનિયમની કલમ-૧૯ માં ઠરાવ્યા પ્રમાણે શાળામાં પ્રાપ્ય સુવિધાઓના પ્રમાણમાં વિદ્યાર્થીઓ પ્રવેશ આપવો જાઈએ.

11. શાળાએ,અધિનિયમની કલમ-૧૯ માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે શાળાના ધોરણો અને માપદંડો જાળવવા જોઈશે અને ખાસ કરીને કોઈ માહિતી પૂરી પાડવાને લગતી શાળાની વેબસાઈટના નિભાવ અને દર વર્ષે નિયત સમયમાં સાચી અને વિશ્વસનીય DISE(ડાયસ) ડીસ્ટ્રીકટ ઈન્ફોરમેશન સિસ્ટમ ફોર એજ્યુકેશન ડેટા (માહિતી) ભરવાને લગતી નિયમ-૧૩ ની તમામ શરતોનું પાલન કરવું જોઇશે.

12. શાળાની જગ્યાની અંદર અથવા એ જ નામથી શાળાની બહાર કોઈ અનધિકૃત શાળા,વર્ગો ચલાવવા જોઈશે નહીં.

13. શાળાના મકાનનો અથવા અન્ય બાંધકામનો અથવા મેદાનનો માત્ર શિક્ષણ અને કૌશલ્ય વિકાસના હેતુઓ માટે જ ઉપયોગ કરવામાં આવે.

14. શાળા,મંડળી રજીસ્ટ્રેશન અધિનિયમ-૧૮૬૦ (સન-૧૮૬૦ના ૨૧ મા)તેમજ ૧૯૫૨ હેઠળ નોંધાયેલ મંડળી દ્વારા અથવા તત્સમયે અમલમાં હોઈ તેવા કાયદા હેઠળ રચાયેલ સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા ચલાવવામાં આવે.

15. શાળા,કોઈ વ્યકિત, જૂથ અથવા વ્યકિતઓના મંડળ અથવા કોઈ બીજી વ્યકિતઓના નફા માટે ચલાવાતી નથી.

16. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પાસે હિસાબોનું ઓડિટ કરાવવું જોઈશે અને તેને પ્રમાણિત કરાવવા જોઈશે અને યોગ્ય હિસાબી પત્રકો નિયમો પ્રમાણે તૈયાર કરવા જોઈશે. દર વર્ષે હિસાબોના તમામ પત્રકો સાથે ઓડિટ કરાયેલા રીપોર્ટની એક નકલ સક્ષમ સત્તાધિકારીને મોકલવી જોઈશે.

17. CCTV કેમેરાની રેકોર્ડીંગ સાથેની સુવિધા ઉપલબ્ધ હોવી જોઈશે અને સમક્ષ અધિકારીને તે બદલની ખાતરી કરાવવાની રહેશે.

18. શાળા સલામતી માટેના જરૂરી પગલા નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીની ગાઈડલાઈન મુજબ સમય મર્યાદામાં લેવાના રહેશે. સ્કૂલ સેફટી પોલીસી-૨૦૧૬નો અમલ કરવાનો રહેશે.

19. વિદ્યાર્થીઓ અને સ્ટાફની સલામતી માટે વખતો વખત જરૂરી હોય તેવા પગલાં લઇ તેઓની સલામતી સુનિશ્ચિત કરવાની રહેશે.

20. શાળા મંડળે વિદ્યાર્થીઓને ચોક્કસ પ્રકારના પુસ્તકો, સાહિત્ય, ગણવેશ કે બુટ, પોતાની સંસ્થા પાસેથી કોઈ ચોક્કસ સંસ્થા કે એજન્સી પાસેથી કે ચોક્કસમાર્કો કે કંપનીના ખરીદવા માટે વિદ્યાર્થીઓ/વાલીઓને આગ્રહ રાખી શકાશે નહિ કે ફરજ પાડી શકાશે નહિ.

21. ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ-૨૦૧૭નાં પ્રબંધો અને તે હેઠળ બનેલા નિયમો આ શાળાને લાગુ પડશે અને તેનું પાલન કરવાનું બાહેધરી પત્રક રજુ કરવાનું રહેશે.

22. સક્ષમ સત્તાધિકારીશ્રી અથવા તેના દ્વારા અધિકૃત કરેલ વ્યકિત તથા શિક્ષણ ખાતાના નિરીક્ષક/અધિકારીઓને શાળા નિરીક્ષણ કરવાની છૂટ રહેશે.

23. શાળાએ સરકાર દ્વારા માન્ય કરેલ અભ્યાસક્રમ તથા વખતો વખત મંજુર કરેલ પાઠયપુસ્તકોનો જ ઉપયોગ કરવાનો રહેશે.

24. શિક્ષણની ફી નાં દર તથા શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓના પગાર ધોરણો સરકાર માન્ય હોવા જોઈએ.

25. શાળાના આચાર્ય કે સંચાલકો તરફથી આપવામાં આવતા રેકર્ડ, આંકડાકીય પત્રકો અને પ્રમાણપત્રો વિશ્વસનીય હોવા જોઈશે.

26. શાળા, નિયામક અને સક્ષમ સત્તાધિકારી વખતો વખત ફરમાવે તેવા રિપોર્ટ અને માહિતી પૂરી પાડશે અને શાળા ચાલુ રાખવાની માન્યાતાની શરતને પરિપૂર્ણ કરવા અથવા શાળાના કામકાજમાંની ખામીઓ દૂર કરવા રાજય સરકાર/સ્થાનિક સત્તામંડળ આપે તેવા આદેશોનું પાલન કરશે.

27. સક્ષમ અધિકારીની પૂર્વ પરવાનગી વિના શાળાના નામમાં ફેરફાર, શાળાના સ્થળ ફેરફાર કે શાળાના વ્યવસ્થા તંત્રમાં ફેરફાર કરી શકાશે નહી.

28. જયારે જરૂર પડે ત્યારે શાળાનું મકાન જાહેર પરીક્ષા માટે તથા જાહેર હિતાર્થે શાળા સંચાલકે ફાજલ કરી ઉપયોગ માટે આપવાનું રહેશે.

29. સદર મંજૂરી આપના ધ્વારા રજૂ થયેલ મહેસૂલી અને અન્ય આધારો સાચા છે. તેમ માની આપવામાં આવે છે. ભવિષ્યમાં રજૂ કરેલ કોઇપણ આધાર બનાવટી માલૂમ પડશે તો તે માટે સંચાલક મંડળ જવાબદાર ગણાશે અને તે માટે તેઓ વિરુધ્ધ પોલીસ ફરિયાદ સહિતના પગલાં લેવાની સરકારને સત્તા રહેશે જેની નોંધ લેવી.

30. આપની શાળાને ફાળવેલ માન્યતા કોડ નંબર ક્રમાંક:શિક્ષણ/અ-૩/પુન:માન્યતા/૭૦૨૯/૨૦૨૦ શિક્ષણ શાખા જિ.પં.પાટણ તા.૨૧/૧૦/૨૦૨૦ તથા એસ.આર.નં 29 છે. તેની નોંધ લેવા અને આ કચેરી સાથેના કોઇપણ પત્રવ્યવહાર માટે તેનો ઉલ્લેખ કરવા વિનંતી.

31. આપની શાળાનો UDISEકોડ **24030101507**છે. ઉપલી કચેરી સાથેના પત્રવ્યવહાર વખતે તેનો ઉલ્લેખ કરવાનો રહેશે.

આ પ્રમાણપત્ર તા.૨૧/૧૦/૨૦૨૦ ના રોજ આપેલ છે.

સ્થળ:- પાટણ

તારીખ:૨૧/૧૦/૨૦૨૦

કચેરીનું સીલ

(બી.એ.ચૌધરી)

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી

જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ

જિલ્લો :- પાટણ